ધનસુરા ખાતે ભાજપા મેડિકલ સેલ દ્વારા નિઃશુલ્ક ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો

ધનસુરા ખાતે ભાજપા મેડિકલ સેલ ગુજરાત પ્રદેશ દ્વારા નિઃશુલ્ક ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો આ કેમ્પ ધનસુરા ના ડો.મયંક પટેલ અને ખુશ્બુ પટેલ ના દીપ ડેન્ટલ ક્લિનિક ખાતે યોજાયો હતો જેમાં ડો.ખુશ્બુ પટેલ ધ્વારા દર્દી ઓનું ચેક અપ કરવામાં આવ્યું હતું.જેમાં ધનસુરા ના ડૉકટર શ્રી ઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ માં ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ, ડો.સેલ ના ડો.શિરીષભાઈ શાહ,ડો. શાંતિલાલ, ડો.તરુણભાઈ, ડો.ભરતભાઈ,ધનસુરા ગ્રામ પંચાયત ના પૂર્વ સદસ્ય મનહરભાઈ.એચ.પટેલ, તાલુકા ભાજપ ના મહામંત્રી નરેન્દ્રભાઈ પટેલ, જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ ના પ્રમુખ દિનેશભાઈ,તાલુકા પંચાયત ના સદસ્ય પુષ્પાબેન ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

સાબરડેરી દ્વારા એક મહિનામાં બીજી વખત દુધના ભાવમાં વધારો કરાયો : દૂધ ઉત્પાદકોમાં ખુશીનો માહોલ

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જીવાદોરી સમાન સાબર ડેરી દ્વારા પશુપાલન સાથે જોડાયેલા ગ્રામીણ પરિવારોની આર્થિક ઉન્નતિ હેતુ સતત ચિંતન કરી દૂધ ઉત્પાદકલક્ષી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે ત્યારે આજે દૈનિક ૩૦ લાખથી પણ વધુ દૂધ સંપાદન થતું હોવા છતાં પશુપાલન વ્યવસાય અર્થક્ષમ બને અને દૂધ ઉત્પાદકોને નિયમિત આવક મળી રહે સાથે સાથે દુધ વ્યવસાયમાં વધુ વળતર મળી રહે તે માટે સાબર ડેરી દ્વારા સમગ્ર ગુજરાતમાં દૂધના ઉંચા પોષણક્ષમ ભાવો આપવાનો સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આજના મોંઘવારીના જમાનામાં રોજીંદા જીવન જરૂરીયાતની તમામ વસ્તુઓના ભાવ ઉત્તરોત્તર વધી રહયા છે ત્યારે સાબરકાંઠા અને અરવલ?લી જિલ્લાના ૩ લાખ થી વધુ દૂધ ઉત્પાદકો માટે સતત ચિંતિત સાબરડેરીના ચેરમેન શ્રી શામળભાઈ પટેલ અને નિયામક મંડળના સભ્યો દ્વારા દૂધ ઉત્પાદકોના વ્યાપક હીતને ધ્યાનમાં લઈ દૂધ વ્યવસાયને પ્રોત્સાહિત કરવાના હેતુ થી એક મહિનામાં બીજી વખત તા.૨૧/૦૩/૨૦૨૨ ના રોજ થી અમલમાં આવે તે રીતે દુધના ભાવમાં ફરીથી વધારો કરવાનું જાહેર કરેલ છે અને એક મહિનામાં કૂલ ૨૦ રૂપિયાનો વધારો સાબર ડેરી દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. તા.૨૧/૦૩/૨૦૨૨ ના રોજ થી અમલમાં આવે તે રીતે જાહેર કરેલ નવા ભાવ મુજબ દુધ ઉત?પાદકોને ભેંસના દુધના ભાવમાં કિલો ફેટે રૂા.૧૦ નો વધારો થવા પામેલ છે.નવા જાહેર કરેલ ભાવો મુજબ ભેંસના દુધનો કિલો ફેટે ભાવ રૂા.૭૩૦ અને ગાયના દુધના સમતુલ્ય કિલો ફેટનો ભાવ રૂા.૩૧૩/૬૦ પ્રમાણે ચુકવવામાં આવશે જેના કારણે દુધ ઉત્પાદકોને પશુપાલન વ્યવસાયમાં ચોક્કસ આર્થિક મદદ ઉપલબ્ધ થશે. સાબરડેરી દ્વારા દુધના ભાવમાં વધારો કરવાની જાહેરાતને તમામ દૂધ ઉત્પાદકોએ હર્ષ થી વધાવી લઈ ચેરમેન શ્રી શામળભાઈ પટેલ અને નિયામક મંડળના સભ્યોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

ધનસુરા ઓધવ વિદ્યા મંદિરમાં શાળાકીય એથ્લેટિક્સ રમતો રમાઈ

ખેલમહાકુંભનો શુભારંભ શાળાકીય રમતોની શરૂઆતથી થતાં ધનસુરા ઓધવ વિદ્યા મંદિરમાં શાળાકીય એથ્લેટિક્સ રમતો રમાઈ.જેમાં દોડ, કૂદ અને ફેંક જેવી રમતોનો સમાવેશ થાય છે. આ સ્પર્ધાઓ શાળાના આચાર્ય શ્રી જીજ્ઞેશભાઈ પટેલની અધ્યક્ષતા માં તેમજ શાળાના વ્યાયામ શિક્ષક શ્રી રાકેશભાઈ પ્રજાપતિ તેમજ સહાયક શિક્ષક કૃતાર્થભાઈ પટેલ દ્વારા એથ્લેટિક્સ સ્પર્ધાઓ યોજાઈ આ સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓ આગામી તા.૨૫-૩-૨૨ અને તા.- ૨૬-૩-૨૨ ના રોજ તાલુકા કક્ષાએ રમવા જશે

પ્રાંતિજ ખાતે હોળી પર્વ નિમિત્તે વસંતોત્સવ સ્નેહ મિલન સમારોહ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે કાર્યરત ટેનિસ કલબ અને રતિલાલ ગો.પરીખ વ્યાયામ શાળા ખાતે ધૂળેટીના દિવસે સ્નેહ મિલન સમારોહ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ ખાતે વર્ષોથી કાર્યરત ટેનિસ કલબ અને રતિલાલ.ગો.પરીખ વ્યાયામ શાળા ખાતે ધૂળેટીના પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી અને દર વર્ષનીજેમ આ વર્ષે પણ વસંતોત્સવ મિલન સમારોહ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ઉપસ્થિત સોવકોઈ કકુ તિલક કરી ને ધુળેટી ના પર્વ ની ઉજવણી કરવામા આવી હતી અને રંગોની તિલક હોળી થી રંગાયા હતા અને એક બીજા ને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો આ પ્રસંગે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ , નગર પાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા, રઈશભાઈ કસ્બાતી , પૂર્વ પ્રમુખ નિરવભાઈ પરીખ મંડળ ના સ્ટ્રીટ શરદભાઈ પરીખ સહિત નગરના આગેવાનો આગેવાનો નગરજનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા અને એક બીજા ને શુભકામનાઓ પાઠવી હતી.

ગર્ભ સંસ્કાર આંદોલન ક્ષેત્રે ક્રાન્તિ કરી રહ્યું છે મોડાસાનું ગાયત્રી ચેતના કેન્દ્ર

મોડાસા ક્ષેત્રમાં ગાયત્રી ચેતના કેન્દ્ર છેલ્લા ચાર વર્ષથી જન જાગૃતિ માટે અથાગ પ્રયત્નશીલ કાર્ય કરી રહેલ છે. એમાંય 'આઓ ઘડિએ સંસ્કારવાન પેઢી-ગર્ભોત્સવ સંસ્કાર' આંદોલન આ મોડાસા પંથકમાં ક્રાન્તિ કરી રહ્યું છે. ગત દિવસ એવો એક કાર્યક્રમ થયો જેમાં નવ દંપતિ જેમને ગર્ભ ધારણ થયેલ નથી. તેઓને પોતાની આગલી પેઢી જન્મથી જ સંસ્કારવાન બને તે માટેના સંસ્કારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અગિયાર નવ દંપતિ એ આ પ્રિ-પ્લાનીંગ- શ્રેષ્ઠ ગર્ભ ધારણ સંસ્કાર માટે જોડાયા હતા. આ ગર્ભ ધારણ સંસ્કાર કરાવનાર દંપતિએ ગર્ભ રહેતા પહેલાં પોતાની આધ્યાત્મિક તથા વૈજ્ઞાનિક રીતે કેવું ચિંતન મંથન, માનસિકતા, આહાર તેમજ ઘર પરિવારનું શ્રેષ્ઠ વાતાવરણ બનાવવા શું કરવું ? એવું ખૂબ જ ઝીણવટથી સમજાવવામાં આવે છે. આવા શ્રેષ્ઠ માર્ગદર્શન પછી જ્યારે ગર્ભ ધારણ થાય ત્યારે જે સંતાન જન્મ ધારણ કરે તે ખૂબ જ તંદુરસ્ત , ખૂબ જ સંસ્કારવાન હોય જે આગળની પેઢીમાં શ્રેષ્ઠ સાબિત થાય. આ બાબતે ચાર વર્ષથી ચાલી રહેલ આ આંદોલન દ્વારા અનેકના ગર્ભ સંસ્કાર કરવામાં આવ્યા છે. જેઓના જન્મેલ સંતાનો શ્રેષ્ઠ ઉદાહરણ સાબિત થયા છે.

રાજ્યની શાળાઓમાં શ્રીમદ્ ભગવદ ગીતા ભણાવવાનો નિર્ણય

તલોદ ગામની સરકારી પ્રા.શાળામાં બાળકોને અપાય છે ગીતાનું શિક્ષણ

ઈનોવેટીવ શાળાઓ શ્રેષ્ઠ કેળવણી આપવામાં નિયમની રાહ જોતા નથી - શિક્ષક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ ધો. ૬ થી ૧૨માં શ્રીમદ ભગવત ગીતા ભણાવવાની શિક્ષણ વિભાગ દ્વારા ભલામણ કરવામાં આવી છે. ત્યારે તલોદ ગામની સરકારી પ્રા.શાળામાં બાળકોને ગીતાનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ઈનોવેટીવ શાળાઓ શ્રેષ્ઠ કેળવણી આપવામાં ક્યારેય નિયમની રાહ જોતા નથી. સરકાર અને શિક્ષણ વિભાગે ભલે અત્યારે નિર્ણય લીધો હોય પરંતુ જિલ્લાની ઈનોવેટીવ અનેક સરકારી પ્રા.શાળાઓએ બાળકોને ગીતા ભણાવવાનું ક્યારનુંય શરુ કર્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યના શિક્ષણ વિભાગમાં આગામી વર્ષમાં અનેક બદલાવ આવી રહ્યા છે. સંભવ છે કે આગામી ૨૮ માર્ચથી શરુ થતી ધો.

૧૦ બોર્ડની પરીક્ષા કદાચ અંતિમ પરીક્ષા પણ બની રહે. જ્યારે તાજેતરમાં જ રાજ્ય સરકારે ગુજરાતની શાળાઓમાં ધો. ૬ થી ૧૨ માં શ્રીમદ્ ભગવદ ગીતા ભણાવવાનો રાષ્ટ્રીય શિક્ષણનીતિ હેઠળ નિર્ણય લીધો છે. તે જ રીતે ધો.૧ અને ૨ માં અંગ્રેજી વિષય દાખલ કરવાનો પણ નિર્ણય લેવાયો છે. ગુજરાતમાં શ્રીમદ્ ભગવદ ગીતા ભણાવવાના સરકાર અને શિક્ષણ વિભાગના નિર્ણય પછી રાષ્ટ્રીય સ્તરે તે મુદ્દો ધૂળેટીના દિવસે જ રાજકીય રીતે રંગાઈ રહ્યો છે. શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિનું જોડાણ થાય તે માટે શ્રીમદ્ ભગવદ ગીતાનો અભ્યાસક્રમ જરુરી છે અને વાલીઓએ પણ સરકારના આ નિર્ણયને વધાવી લીધો છે. પરંતુ તલોદ ગામની સરકારી પ્રા.શાળામાં ભગવદ્ ગીતાનો અભ્યાસક્રમ અમલી ન હોવા છતાં વર્ષોથી ગીતાનું શિક્ષણ આપવામાં આવે છે તેમ જણાવી શાળાના ઈનોવેટીવ શિક્ષક જયેશ ચૌધરીએ જણાવ્યું કે ગુજરાતની શાળાઓમાં ભગવદ્ ગીતા ભણાવવાનો સરકારનો નિર્ણય આવકાર દાયક છે એ ઈનોવેટીવ શાળાઓ શ્રેષ્ઠ કેળવણી આપવામાં ક્યારેય કોઈ નિયમની વાટ જોતા નથી. શ્રેષ્ઠ જ્ઞાન કેળવણી માટે માત્ર પાઠ્યપુસ્તકોમાં હોય એટલું જ શિક્ષણ પર્યાપ્ત નથી પણ અભ્યાસક્રમ ફ્રેમવર્ક અનુસાર શિક્ષણ આપવું જોઈએ તેમ પણ જણાવ્યું.

ઓઢા ગામમાં ઘઉં વાઢવા ખેતર માલિકે કેમ માંગવું પડ્યું પોલીસ પ્રોટેક્શન..?

ગામ લોકોએ પોલીસ પર પથ્થરમારો કરતા, ટીયર ગેસ છોડ્યા

મેઘરજ, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ઓઢા ગામે થોડા દિવસો અગાઉ ગામના એક આડેધની લાશ મળી આવતા પરિવારજનોએ આધેડની હત્યા કરમાવામાં આવી હોવાનો આક્ષેપ સાથે ઈસરી પોલીસ સ્ટેશનમાં ગામના એક વ્યક્તી સામે આશંકા વ્યક્ત કરી હતી ઈસરી પોલીસે આધેડનું પીએમ કરાવી જાણવાજોગ ફરિયાદ નોંધી પીએમ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો જો કે મૃતક આધેડના પરિવારજનોએ જે શખ્સ સામે આશંકા દર્શાવી હતી તેને તેના ખેતરમાં ઘઉં વાઢવા માટે ડરના માર્યા પોલીસ રક્ષણની માંગ કરતા પોલીસ પ્રોટેકશન હેઠળ ઘઉં

કાપવાની કામગીરી ચાલતી હતી ત્યારે ગામલોકોએ પોલીસ પર પથ્થરમારો કરતા ટોળું બેકાબુ બને તે પહેલા ટીયરગેસ છોડી ટોળાને કાબુમાં લીધું હતું પોલીસ પર પથ્થરમારો થતા DYSP ભરત બસીયા સહીત જીલ્લા પોલીસ કાફલો ઘટનાસ્થળે ખડકી દીધો હતો અને મામલો થાળે પાડ્યો હતો

મેઘરજના ઓઢા ગામે એક આધેડની લાશ ગામ નજીકથી મળી આવતા મૃતકના પરિવારજનોએ કૌટુંબીક ભાઈએ હત્યા કરી હોવાનો આક્ષેપ કર્યો હતો કૌટુંબિક ભાઈ અને તેનો પરિવાર ફફડી ઉઠ્યો હતો આક્ષેપિતના ખેતરમાં ઘઉં કાઢવાના હોવાથી હુમલો થવાનો ભય પેદા થતા ઈસરી પોલીસ સ્ટેશનમાં પોલીસ પ્રોટેક્શનની માંગણી કરતા ઈસરી પોલીસે રવિવારે ખેતરમાં પોલીસ પ્રોટેક્શન આપતા ખેડૂતે મજૂરો સાથે ઘઉં કાઢવાની શરૂઆત કરી હતી ત્યારે ગામલોકોએ એકઠા થઈ અગમ્ય કારણોસર પોલીસ પર પથ્થરમારો કરતા ભારે તંગદિલી સર્જાતા પોલીસે ટોળાને કાબુમાં લેવા ટીયરગેસના બે રાઉન્ડ છોડવાની ફરજ પડી હતી ટોળાનો ઉશ્કેરાટ જોતા જીલ્લા પોલીસવડાને જાણ કરતા તાબડતોડ જીલ્લા ભરની પોલીસ ઓઢા ગામમાં ખડકી દેતા સમગ્ર ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું હતું પોલીસે ગામના અગ્રણીઓ સાથે વાતચીત કરી શાંતિપૂર્ણ માહોલ જાળવી રાખવા અપીલ કરી હતી

જન્મદિને વધામણી

કલ્પેશ પટેલ
ડેમાઈ તા.બાયડ

પ્રિયા ભાવિનકુમાર પટેલ
કલોલ (બાયડ)



નિતીન નટવરલાલ સોની
સુરત (આકરુન્દ)

રક્તદાન મહાદાન

પ્રાંતિજ ખાતે વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ યથાવત

જોગણી માઈ મંડળ દ્વારા દર વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે માતાજીની જાતર યોજાય છે

મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર તથા કોંગ્રેસ મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ તા ૨૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ યંત્ર યુગમાં યથાવત છે અને હોળી ધુળેટી ના ત્રીજા દિવસે માતાજીની જાતર ની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે.પ્રાંતિજ બંબાવાસ ખાતે આવેલ જોગણી માતાનાં મંદિર ખાતે દર વર્ષે હોળી- ધુળેટી ના ત્રીજા દિવસે ધાર્મિક - સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે માતાજીની જાતર થાય છે જયારે વર્ષોથી ચાલી આવતી પરંપરા માં પહેલાં ના જમાનામાં માતાજીની જાતરની સાથે ભવાઈ સહિતના કાર્યક્રમો યોજાતાં હતાં જયારે અત્યારે સમય બદલાતા હાલ ધાર્મિક પ્રોગ્રામોની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત માતાજી ની આરતી જાતર યોજાય છે. જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમો માં બાળકોએ ડાન્સ,નાટક,ગરબા, ગીત, એકપાત્ર અભિનય સહિત ના કાર્યક્રમોમાં બંબાવાસ ના બાળકોએ ભાગ લઈ આવનાર મહેમાનો તથા માતા- પિતા ના દિલ જીતી લીધાં હતાં જયારે પ્રસંગે મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, કોંગ્રેસ ના નગરપાલિકા મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, મહેશભાઈ રાઠોડ સહિત સમાજના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો આ વિસ્તાર ના વોર્ડ નંબર-૪ ના કોંગ્રેસ ના મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ દ્વારા અન્ય મહિલાઓ સાથે નીચે બેસીને ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો જયારે પ્રાંતિજ સહિત તાલુકામાંથી આજુબાજુ ના લોકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જોગણી માતા યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠામાં સુજલામ સુફલામ જળ અભિયાનનો પ્રારંભ: ૪૦૮ તળાવ ઉંડા કરી ભૂગર્ભ જળસ્ત્રોત ઉંચા લવાશે

૨૮.૨૫ લાખ ઘનફૂટ પાણીના સંગ્રહ પાછળ રૂા. ૨૧. ૬૯ કરોડનો ખર્ચ કરાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

સાબરકાંઠામાં ભૂગર્ભ જળસ્તર ઉંચા લાવવા સુજલામ સુફલામ અભિયાનનો શનિવારથી પ્રાંતિજના બોભા ગામથી સાબરકાંઠા સાંસદે પ્રારંભ કરાવ્યો. પાંચમા તબક્કાના અભિયાનમાં ૪૦૮ તળાવો ઉંડા કરવા પાછળ રુ ૨૧. ૯ લાખનો ખર્ચ કરાશે અને ચોમાસા દરમ્યાન વધુ ૨૮.૨૫ લાખ ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લા સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાં તળાવો ઉંડા કરવા માટેની સુજલામ સુફલામ અભિયાન યોજનાનો ધોમધખતા તાપમાં તા.૧૯ માર્ચથી પ્રારંભ થયો છે. સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડે પ્રાંતિજ તાલુકાના બોભામાં તળાવ ઉંડા કરવાની કામગીરીનો પ્રારંભ કરાવ્યો જે સમયે અધિકારી-પદાધિકારીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ભૂગર્ભ જળસ્તર ઉંચા લાવવા માટે જળ અભિયાન મહત્વનું અને આશીર્વાદરૂપ બની રહેશે તેમ તેઓએ જણાવ્યું હતું. રાજ્ય સભાના સાંસદ રમીલાબેન બારાએ જળ એ જ જીવન છે, પાણી વગરનું જીવન જીવ સૃષ્ટી માટે મુશ્કેલ છે તેમ જણાવી વધુ ને વધુ જળસંચયના કામ કરી જળસ્ત્રોત સમૃદ્ધ બનાવવા ઉપર ભાર મૂક્યો હતો. સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકામાં ૪૦૮ કામો હાથ ધરાશે અને તેમાં ૭,૮૬,૨૩૫ માનવ દિન ઉત્પન્ન થશે જેમાં ૮,૦૬,૪૭૩ ઘનમીટર માટી કામ કરી ચોમાસા દરમ્યાન ૨૮.૨૫ લાખ ઘનફૂટ પાણીનો સંગ્રહ કરવામાં આવશે. અભિયાન હેઠળ તળાવ ઉંડા કરવા, ચેકડેમ ડીસીલ્ટીંગ, નહેરની સફાઈ, જળાશય ઉંડા કરવા, નદીઓની સફાઈ મરામત જેવા જળસંગ્રહના કામો હાથ ધરાશે તેમ જાણવા મળ્યું છે.

હોળીના દર્શને જતાં રસ્તા ઉપર મોત મળ્યું: જીતપુરમાં બાઈકની ટક્કરે મહિલાનું મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડ તાલુકાના જીતપુર ગામે રાત્રે હોળીના દર્શન કરવા માટે પગપાળા જતી મહિલાને બાઈક ચાલકે ટક્કર મારી ફંગોળી નાખતાં ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. માર્ગ અકસ્માતમાં મહિલાનું મોત નિપજતાં પરમાર પરિવાર માટે હોળીનું પર્વ હૈયાહોળી સમાન બની રહ્યું છે. બનાવ અંગે આંબલિયારા પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના જીતપુર ગામનાં કાળીબેન ભવાનસિંહ પરમાર (ઉ.૫૭ વર્ષ) તા.૧૭ના રોજ હોળીનું પર્વ હોવાથી ગામમાં પ્રગટાવાતી હોળીનાં દર્શન કરવા માટે ઘરેથી નિકળ્યાં હતાં જે દરમ્યાન રોડ ઉપરથી પસાર થતા સમયે સ્થાનિક બાઈક ચાલક દિપક નરેશભાઈએ મહિલાને ટક્કર મારતાં રોડ ઉપર પટકાયાં હતાં જેમાં માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થવાથી મહિલાનું મોત નિપજ્યું હતું. જ્યારે પૂરઝડપે બાઈકથી મહિલા દૂર ફંગોળાઈ તે સમયે ખુદ ચાલક પણ રોડ ઉપર પટકાતાં ઈજા થઈ હતી. હોળીના દિવસે જ બાઈકની ટક્કરે મહિલાના મોતને પગલે પરિવારમાં મોતનો માતમ છવાયો છે. બનાવ અંગે રણજીતસિંહ ભવાનસિંહ પરમારની ફરિયાદના આધારે આંબલિયારા પોલીસે આરોપી બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠાના કોંગ્રેસના મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે કરી જનતા રેડ...

વિધાનસભા ગૃહમાં પણ કર્યા આકરા પ્રહારો

પાલનપુર તા. ૨૦

ગુજરાતમાં દારૂબંધી ના ખુલ્લેઆમ ધજીજીયા ઊડી રહ્યા છે. પડોશી રાજ્ય રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી રોજ મોટી માત્રામાં ભારતીય બનાવટની વિદેશી દારૂ ઠલવાઈ રહ્યો છે. ત્યારે તાજેતરમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના વાવ મત વિસ્તારના ધારાસભ્ય કોંગ્રેસના ગેનીબેન ઠાકોરે વહેલી પરોઢે મોટી માત્રામાં જનતા રેડ કરીને ભારતીય બનાવટની વિદેશી શરાબનો જથ્થો ઝડપી પાડયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, સરહદી જિલ્લા બનાસકાંઠા નું રાજસ્થાન બોર્ડર અમીરગઢ અને થરાદની ખોડા ચેકપોસ્ટ પડતી અને અનેક રસ્તાઓ પરથી દરરોજ મોટી માત્રામાં વિદેશી દારૂ ગુજરાતમાં ઠલવાઈ રહ્યો છે. આજે વિધાનસભામાં એની બેન ઠાકોર વિનોદ સિંધી નામના બુટલેગર નું નામ જોગ પર્દાફાસ કર્યો હતો. તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર ભાભર નજીકથી એક જીપ માં વિદેશી દારૂનો જથ્થો ગેનીબેન ઠાકોર ઝડપી લીધો હતો. આ અંગે પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ શરમજનક ઘટનાથી બનાસકાંઠા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. બનાસકાંઠા જિલ્લાના જુદાજુદા માર્ગોથી દરરોજ મોટી માત્રામાં જુદી-જુદી ગાડીઓમાં વિદેશી શરાબનો જથ્થો મોટાપાયે લવાઇ રહ્યો છે. કહેવાથી લાઈનની ગાડીઓમાં પોલીસ ના આશીર્વાદથી બિન્દાસ પણે વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. ત્યારે મોટો પ્રોહિબિશનનો કેસ કરવાનો હોય ત્યારે જે તે લીકર માફિયા ને કહીને એકાદ ગાડી પકડાવી દેવામાં આવે છે. આમ સબ સલામતની ગુલબાંગો વચ્ચે દારૂબંધીના ગાંધીના ગુજરાતમાં ખુલ્લેઆમ ધરજીયા ઊડી રહ્યા છે.

બનાસકાંઠા પોલીસ એલ.સી.બી એસ.ઓ.જી અને જુદા જુદા વિસ્તારના પોલીસ સ્ટેશનો અને સરહદી પોલીસ ચેક પોસ્ટના પોલીસ દ્વારા લાઈન ની ગાડીઓ ના રજીસ્ટ્રેશન નંબર અને ફોટા સાથે જે તેને જવાબદાર પોલીસ કે જે ઓન ડ્યુટી હોય છે તેમને whatsapp દ્વારા મોકલી દેવાય છે. અને આમ દર મહિને લાખો રૂપિયાના પોલીસના હપ્તાના સેટિંગમાં ખુલ્લેઆમ ભારતીય બનાવટના વિદેશી દારૂનો કાળો કારોબાર ધૂમ મચાવી રહ્યો છે.

દારૂબંધી સામે ગુજરાત સરકારે કરેલા કડક કાયદા માત્ર નામ પૂરતા જ કરાયા હોય તેમ ગુજરાતના ખૂણે ખૂણે વિદેશી અને દેશી બનાવટનો દારૂ ખુલ્લેઆમ વેચાય પિવાય અને બનાવાઈ રહ્યો છે

કાલીયાકુવા ચેકપોસ્ટ પર પોલીસ-જી.આર.ડી. જવાનો ઉપર ટોળાનો હિંસક હુમલો

વાહન ચેકીંગનો વાંધો ઉઠાવી ધારીયા તેમજ પાઈપથી હુમલો: ચેકપોસ્ટ ઉપર ધમાલના દ્રશ્યો સર્જાયા, પોલીસ દોડતી થઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

મેઘરજ તાલુકાની કાલીયાકુવા ચેકપોસ્ટ ઉપર ધૂળેટીના દિવસે હિંસક ટોળાએ પોલીસ અને જી.આર.ડી.ના જવાનો ઉપર ધારીયા તેમજ લોખંડની પાઈપથી હુમલો કરતાં વાહન ચેકીંગ કરનાર કર્મચારીઓને ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. વાહન ચેકીંગનો વાંધો ઉઠાવી વિફરેલા ટોળાએ ધમાલ મચાવતાં પોલીસ દોડતી થઈ હતી. હુમલા સમયે પોલીસ કર્મીને જાતિ વિષયક અપશબ્દો બોલવામાં આવતાં મેઘરજ પોલીસે રાયોટ તેમજ એટ્રોસીટીનો ગુનો નોંધ્યો છે.

પોલીસની ધાક તળીયે જઈ રહી છે. અસામાજીક તત્વો બેફામ બની જતાં વાહન ચેકીંગ જેવી ઘટનાઓમાં ખાખી વર્દી ઉપર હિંસક હુમલાથી ખુદ પોલીસ અસામત હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. ધુળેટીના દિવસે મેઘરજ પોલીસના કર્મચારીઓ અને જી.આર.ડી. જવાનો કાલીયાકુવા ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગની કામગીરી સંભાળી રહ્યા હતા તે સમયે સ્થાનિક મહેશ ખેમાભાઈ ડામોર અને મુકેશ કેશાભાઈ ડામોર સહિતના ઈસમોએ તેનો વાંધો ઉઠાવી અમારા ગામના કોઈપણ માણસનું વાહન ચેકીંગ કરવું નહીં, તમોને બે દિવસ પહેલાં ચોકી ઉપર આવી કહ્યું હોવા છતાં તમે આજે કેમ વાહનો ચેક કરો છો ?? તેમ કહી અપશબ્દો બોલતાં બંન્ને પક્ષે મામલો ગરમાયો હતો જે દરમ્યાન ટોળું એકદમ જનૂની બની વાહન ચેકીંગ કરનાર કર્મચારીઓ ઉપર ધારીયા તેમજ પાઈપોથી તૂટી પડ્યું હતું. પોલીસ કર્મચારી હિતેષ રમેશભાઈ મહેરીયા ઉપર ધારીયાનો ઘા ઝીંકાતાં ગંભીર ઈજા થઈ હતી. જ્યારે વાહન ચેકીંગમાં મદદગારી કરનાર જી.આર.ડી. જવાન મંગાભાઈ રત્નાભાઈ ડામોર અને વિજય પ્રતાપસિંહ ખાંટને પણ પાઈપથી ફટકારવામાં આવતાં ચેકપોસ્ટ ઉપર વાતાવરણ તંગ બની ગયું હતું. ઉશ્કેરાયેલા ટોળાએ વાહન ચેકીંગ કરનાર કર્મચારીઓના કામમાં રુકાવટ ઉભી કરી હુમલો કર્યાની જાણ થતાં સ્થાનિક પોલીસ દોડતી થઈ હતી. ઉશ્કેરાયેલા ઈસમોએ જાતિ પ્રત્યે અપશબ્દો બોલતાં મેઘરજ પોલીસ દ્વારા કુલ-૧૩ ઈસમો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ખાખી વર્ધી ઉપર હિંસક હુમલો છતાં પોલીસ આરોપીઓને લોકઅપમાં ધકેલવામાં નિષ્ફળ રહી છે. જ્યારે પોલીસના હાથમાં માંડ એક આરોપી છેલ્લે હાથ આવ્યાની વિગતો જાણવા મળી છે.